વાઘ પાસે આવ્યો અને પોષ્ટમેનને ખાઈ ગયો. દુર્ધ્યા
નથી મરી દુર્ગતિ પામ્યો માટે માણસને મિથ્યા ભાષ
અધોગતિ લઈ જાય છે.

વચન ચુકયા જે નર હોય, માયા કપટી તેહ;
પકડ પછાડે પર્વતે તેની પરમાધામી ખંડ ખંડ કરે દે

## નં. ૨૮ મિથ્યા (જુઠ) ભાષણનું ફ

જઈ નરકમાં નિપજ્યાં, ખેંચી જીભ જડ તાણુ.
આ, આ, ઓ, આ, બહુકરી, તેના કરીયા ઘાણુ.
પરમાધામીએ બાંધીયા, તરુતણા શૂળ પ્રોઈ.
રીબાણો બહુ જીવડો, કોણુ છોડાવે ભાઈ.

અલિઅં સઇંપિ ભણિઅં વિહણુઇ બહુઆઇ સચ્ચવયણા
પડિઓ નરયંમિ વસૂ ઇક્કેણુ અસચ્ચવયણેણું ॥૩

'એક જ વખત બોલેલું અસત્ય ઘણા સત્યવચનોનો ન
કરે છે. એક અસત્ય વચન વડે વસુરાજા નરકમાં ઉત્પન્ન થ

—શ્રી ભક્ત પરિજ્ઞા પ

ણુરગઉવવાતે પરિયાયં એતિ પરિપચ્ચતિ ।

નરકમાં ઉત્પત્તિ થયે છતે જીવ પરિતાપને પામે
દુઃખથી પીડાય છે. શ્રી આચારાંગસુત્રચૂર્ણિ (૧

ખોટી સાક્ષિ પુરનાર અને ખોટા સોગંદ ખાનારની ગતિ.



# નં. ૨૯ ખોટી સાખ પુરનાર

આપણુ તણાં સ્વાર્થમાં, ખોટી સાક્ષી આપી અનેક.
સાચા ખોટા બહુ વદ્યાં, મુકી દીધો વિવેક.
દોષી નિર્દોષ ઠરાવતા, દોશિત કરતો મોજ.
ન્યાય અન્યાયને આંગણે, ખોટું બોલે રોજ.

કુડી સાખ આપનાર અધોગતિનો અધિકારી થાય છે. અને ત્યાં દુખોના ડુંગરાઓમાં રખડયા કરે છે. કુડી સાખ આપનાર સ્વયં તો મરે જ પણ બીજાને દુખી કરી જાય.

# મેં જોયું છે.

બે મિત્ર એકનું નામ ગંગારામ અને બીજાનું નામ મોહનભાઈ. મોહનભાઈ સોના ચાંદીના વ્યાપારી, ત્યાં ગંગારામની રાત દિવસ બેઠક.

વિધવા બ્હેન કાશીબાઇએ પોતાની જે સમ્પત્તિ હતી તે વિશ્વાસ હોવાથી મોહનભાઈ ને ત્યાં મુકી દીધી. ગંગારામે જોયું કે આ ડોસીને લડવાવાળું તો કોઈ છે જ નહી. મોહનભાઇ તમે ડોસીને સાફ ના પાડી દ્યો, હું બધી જગ્યાએ સાક્ષી આપીશ.

કાશીબાઈ રૂપિયા અને દાગીના લેવા આવ્યાં તે વખતે મોહનભાઈ બોલ્યા—તમે તમારી બધી સમ્પત્તિ લઇ ગયાં છો કેમ ? ગંગારામ ભાઈ સાચું છે ને. ગંગારામ—હાં, ૪ દિવસ પહેલાંતો તમે બધું લઇ ગયાં છો.

રાજ્યમાં દાવો કર્યો, પણ જુઠી સાક્ષી દેનાર ગંગારામના ગોટાળાથી બિચારાં અસહાય કાશીબાઈ હારી ગયાં, ગંગારામ ખુશી તો થયો પણ મોહનભાઈએ તેને કાંઇ આપ્યું નહી એટલે દુશ્મનાવટ થઇ અને ગંગારામ મોહનભાઈને ચાકુ મારવા જતાં અંધારામાં પોતાના છાતીમાં લાગી. મહા રૌદ્ર ધ્યાનથી મરી પરમાધામીનો અતિથી થયો.

## નં. ૩૦ ખોટી સાક્ષી પુરનારનીગતિ

સાક્ષી મળ્યો આકરો, રીબાણો સંસાર.
જઈ મરીને નિકળ્યો, રૌરવ નરક મઝાર.
નિકળ્યા ડોળા આંખથી વિદારી પુરી કાય.
સર્પ થઈને ડંખતા બહુલી સોગન ખાય.
પરમાધામીઓ સર્પરૂપ કરીને પાપીને ડંખે છે.

હે ગૌતમ ! કાલકુમાર આવા આરંભ કરીને યાવત્ આવા અશુભ કરેલા કર્મના સમૂહથી કાલસમયે કાલ કરી ચોથી પંકપ્રભા નરકમાં હેમાભ નામના નરકાવાસમાં નારકી પણે ઉત્પન્ન થયો.

શ્રી—નિરયાવલિકા સૂત્ર-કપ્પિયાવડં

પૂર્વસ્યાં દિશિ કાલનામા નરકવાસઃ, અપરસ્યાં દિશિ મહાકાલ, દક્ષિણસ્યાં રૌરૂકઃ, ઉત્તરસ્યાં મહારૌરુકઃ; મધ્યેઽપ્રતિષ્ઠાનકઃ

નરકમાં, પૂર્વ દિશામાં કાલ નામનો નરકવાસ પશ્ચિમમાં મહાકાલ, દક્ષિણમાં રૌરુક, ઉત્તરમાં મહારૌરુક અને વચ્ચે અપ્રતિષ્ઠાન નામનો નરકવાસ છે.

—શ્રી પ્રવચન સારોદ્ધાર



## નં ૩૧ ખોટા સોગન ખાવા

સમ સોગન ખાધા ઘણા, કરી સાંચની ખોટ.
વાત—વાતમાં ખાતો સોગનો, કરતો જનને ચોટ
પાપી કર્મો પૂરતો, વિચાર્યું નહી લગાર.
સમ સોગનની સાથમાં, કરતો વાત બજાર.

મિથ્યા(જુઠો) વિશ્વાસ આપવા માટે વાત-વાતમાં સોગન ખાય. અને પોતાના ઇષ્ટ દેવ તીર્થંકરોની પણ સોગન ખાતે વા જીવો આ લોકમાં સાક્ષાત નર્ક ભોગવે છે.

## આમ (આંબા) લઉં બે ચાર

શોમશેઠને વાત-વાતમાં કૂડા સમ સોગન ખાવાની આદત. હરેકને વિશ્વાસપૂર્વક સોગન ખાઇને ફસાવે. નગરમાં ગુરુ દેવ પધારે ત્યારે તેમની પાસે સોગન (બાધા) લઈ તોડી નાખે.

હે ગુરૂદેવ ! હું કોઈને પુછ્યા વગર પરવસ્તુ ગ્રહણ નહી કરીશ. મને બાધા આપો, ગુરુ દેવે બાધા આપી. વૈશાખ મહીનાના દિવસ હતા. શેઠ વગડામાં ગયા, ત્યાં આમનું ઝાડ જોઈ મોઢામાં પાણી આવી ગયું ત્યારે મનમાં વિચાર કરે છે. અહીંયાં કોને પુછવું. આમને (આંબાને) ઝાડને પુછે છે.

હે આમ રસાલ, તું ફળ્યો અપાર.
કેરી લઉં બે ચાર; લઈલે દસબાર.

હે આમ ! મને બે કેરી આપ એમ કહી શેઠ કેરી લે
લઈ જાય. ક્ષેત્રપાળે જોયું અને લાઠી લઇ છુપાઇ ગયો.
આવ્યા અને દુહો બોલ્યા કે

હે આમ્રરસાલ તું ફુલ્યો અપાર;
કેરી લઉ બેચાર, લઇ લે દશ બાર.

તરતજ જવાબ મલ્યો.

હે લફંભાર તું વણ્યો અપાર,
ક દોચાર. દે દસ બાર,

પછી શું ? ક્ષેત્રપાળે શેઠને જોરદાર શિક્ષા આપી
લંગડા થયા અને ઘણા દુઃખોને પામ્યા.

## નં ૩૨ ખોટા સોગન ખાવાનું ફ

જઇ નરકમાં નિકળ્યો, મળી બરછી પાજ.
વિંધાણા એ કાળજાં, સમ સોગનને કાજ.
નિકળ્યા ડોળા નેત્રથી, પૂરી વિદારી કાય.
પરમાધામી પીટતા; સોગન બહુલી ખાય.

અહો લોગેણું ચત્તારિ અંધગારં કરેતિ, તં૦ નર
ઓરઈયા; પાવાઈં કમ્માઇં, અસુભા પોગ્ગલા ।

અધોલોકમાં ચાર વસ્તુ અંધકાર કરે છે, નરકાવા
નારકીઓ, પાપ કર્મો અને અશુભ પુદ્ગલો.

—શ્રી સ્થાનાંગ સૂ

ખરેખર દોઝખ તાકમાં છે, અને તે સરકસ લોકો
રહેઠાણ છે. જેમાં તેઓ અનંતકાળ પડયા રહેશે તેમાં તે
ન તો કંઈ ઠંડકની મઝા ચાખશે અને ન કોઈ પી
મળશે પરંતુ તેમને છછરતું પાણી અને વહેતું પરૂ પી
મળશે

—કુર્આન શરીફ ભાગ ૩૦ મો



## ૩૩ દુર્જન સજ્જન થઈ ફરનાર

દુર્જન સજ્જન થઈ ફર્યા, કહેતા કરૂં લોકની સેવ.
સેવ-સહાય તો કોણ કરે, હીંડે શ્વાનની ટેવ.
મીઠી નીચ વાતો કહે, કરે ન કોનું કામ.
ખાતા વંચક થાપણો, પેટ ભરે લઈ નામ.

ભગલમાં "(કાંખમાં) છુરી, મુખમાં રામ" ઉપરથી સજ્જન દેખાય પણ અંદરથી હલાહલ નીચ કર્મોથી ...ેલા આવા દુર્જનો અવશ્ય નીચ ગતિ ગામી થાય છે. ...ારમાં પણ અપયશ મેળવી નિંદાના પાત્ર થાય છે.

## જુઓ સજ્જનતા

દુર્જનતાથી ભરેલો દુર્ગાદાસ સજ્જનતાના ભેખમાં ફરે ... ઘણાં માણુસો ફસાય છે. અને પોતાનું સર્વસ્વ ગુમાવી ...છે. પણ પાપ ક્યાં સુધી ચાલે. પાપતો મોભે ચઢીને ...ે. થોડા જ દિવસમાં પોલ ખુલી અને માણુસોનો વિશ્વાસ ... ગયો. ખાવાનું પણ મળવું મુશ્કેલ થઈ પડયું.

એક દિવસ રાતના સજ્જન થઈ સોના ચાંદીની દુકાન ...ર ગયો અને ત્યાં ચોરી કરી. દુકાનદારે પકડયો અને ...ીસને આપી દીધો. ત્યાં ઘણો માર માર્યો અંતે કૃત... યાદ કરે છે.

દુર્જન સજ્જનતા ધરે પરનો કરે અપકાર.
સુશિલ કહે તે જીવડા; પામે નરકના દ્વાર.